### તાંદલજા વિસ્તાર અને ખીચી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું

# દિલ્હી-મુંબઈ એક્સ.હાઈવે પર કાલોલ પાસે કાર પલટતા એક જ પરિવારના ચારના મોત



( પ્રતિનિધિ ) કાલોલ, વડોદરા,તા.27

પંચમહાલ જિલ્લાના કાલોલ નજીકથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર રવિવારે મોડી રાત્રે સર્જાયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં વડોદરાના તાંદલજા વિસ્તારમાં રહેતા એક જ પરિવારના ચાર સભ્યોના કરુણ મોત નિપજતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. મળતી માહિતી મુજબ, પરિવારના સભ્યો રાજસ્થાન ખાતે મરણ પ્રસંગે હાજરી આપી પરત ફરી રહ્યા હતા. તેઓ મારુતી વેગન આર કાર (નંબર GJ 06 RC 7429)માં મુસાફરી કરી રહ્યા હતા. કારનું સ્ટિયરિંગ ઈશાક ઈકબાલ ખીચી સંભાળી રહ્યા હતા. કાલોલ તાલુકાના પીંગળી ગામ નજીક પહોંચતા ડ્રાઈવરને અચાનક ઝોકું આવી જતા કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે કાર પુરઝડપે લોખંડની રેલિંગ સાથે અથડાઈ અને પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે જોરદાર ધડાકા સાથે આસપાસના લોકો દોડી આવ્યા હતા. આ દુર્ઘટનામાં કારમાં સવાર પાંચ પૈકી ચાર વ્યક્તિઓને માથા અને શરીરે ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. મૃતકોમાં સાજીદ અલ્લાઉદ્દીન ખીચી (55), ઈલિયાસ ઈકબાલ ખીચી (50), ઈશાક ઈકબાલ ખીચી (48) અને રેહાન અસગર ખીચી (35) નો સમાવેશ થાય છે. જ્યારે અબ્દુલરઉફ ખીચીનો ચમત્કારિક રીતે બચાવ થયો છે. ઘટનાની જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સ અને પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ગુજરાત પોલીસ દ્વારા અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ બનાવની જાણ થતા જ વડોદરાથી પરિવારજનો અને સંબંધીઓ કાલોલ દોડી આવ્યા હતા. એક સાથે પરિવારના ચાર સભ્યોના મોતના સમાચારથી તાંદલજા વિસ્તારમાં અને ખીચી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

## ચૈતર વસાવા અને દાઝેલા કર્મચારીના પરિવારજનો વચ્ચે લાફાવાળી

ભરૂચ : ઝઘડિયા GIDCમાં આવેલી મેટ્રોપોલિટન કંપનીમાં લાગેલી આગની ઘટના દુઃખદ વળાંક લઈ ગઈ છે. આગમાં ગંભીર રીતે દાઝેલા કામદાર રાકેશ વસાવાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે આ ઘટનામાં કુલ 15 કામદારો દાઝ્યા હતા. ઘટનાના પગલે ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા કંપનીની મુલાકાતે પહોંચતા વિવાદ ઊભો થયો હતો. મૃતકના ભાઈ રોશન વસાવાએ આરોપ લગાવ્યો કે ધારાસભ્ય પૈસા ઉઘરાવવા આવ્યા હતા અને પરિવારએ તેમને બોલાવ્યા ન હતા. પરિવારનું કહેવું છે કે કંપની સાથે સમાધાન થઈ ગયું છે છતાં વાતાવરણ બગાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ દરમિયાન ધારાસભ્ય અને પરિવારજનો વચ્ચે ઝપાઝપી થઈ, જેમાં લાફા મારવાની ઘટના પણ બની. ઘટનાનો વીડિયો વાયરલ થયો છે, જોકે પોલીસે હજુ કોઈ ફરિયાદ નોંધેલી નથી.

### વિશ્વામિત્રીના કાંઠે હવે 'લોખંડી' સુરક્ષા

# કાંઠાઓનું ધોવાણ અટકાવવા 24 સ્થળે ગેબિયન વોલનું કવચ તૈયાર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીના કાંઠે વર્ષોથી થતા માટીના ધોવાણને અટકાવવા માટે પાલિકા તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. ચોમાસા દરમિયાન નદીમાં આવતા પૂરના પ્રવાહને કારણે કાંઠાઓનું મોટાપાયે ધોવાણ થતું હોય છે, જેના કાયમી ઉકેલ માટે હવે નદીના વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં 'ગેબિયન વોલ' બનાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. વિશ્વામિત્રી નદીમાં વરસાદી સીઝન દરમિયાન પાણીનું સ્તર વધતા પ્રવાહના વેગને કારણે નદીના પટ અને કાંઠાની માટી ધસી પડવાની સમસ્યા વર્ષો જૂની છે. આ સમસ્યાને કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં પણ જોખમ ઊભું થતું હોય છે. આ બાબતને ગંભીરતાથી



લઈને વડોદરા મહાનગરપાલિકા દ્વારા નદીના પટમાં કુલ 24 જેટલા એવા લોકેશન પસંદ કરવામાં આવ્યા છે, જ્યાં સૌથી વધુ ધોવાણ થવાની ભીતિ રહેલી છે. આ પસંદગીના સ્થળો પર અત્યારે આધુનિક પદ્ધતિથી ગેબિયન વોલ તૈયાર કરવામાં આવી રહી છે. ગેબિયન વોલ એટલે કે પથ્થરો અને લોખંડની મજબૂત જાળીની મદદથી તૈયાર કરવામાં આવતી એક વિશિષ્ટ પ્રકારની સુરક્ષા દીવાલ. આ દીવાલની ખાસિયત એ છે કે તે નદીના વેગીલા પ્રવાહ સામે રક્ષણ આપવાની સાથે માટીને મજબૂત રીતે જકડી રાખે છે. કોંક્રિટની દીવાલની સરખામણીએ આ કુદરતી અને લવચીક હોવાથી નદીના પટ માટે વધુ અસરકારક સાબિત થાય છે. પાલિકા તંત્ર દ્વારા આગામી ચોમાસું બેસે તે પહેલા જ આ તમામ 24 લોકેશન પર ગેબિયન વોલની કામગીરી પૂર્ણ કરી દેવાનો કડક લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. હાલમાં એન્જિનિયરોની સીધી દેખરેખ અને સુપરવિઝન હેઠળ અલગ-અલગ સાઈટ પર મશીનરી અને શ્રમિકો દ્વારા રાત-દિવસ કામગીરી ચાલી રહી છે.

### જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ

# રણોલીમાં પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો કરનારની ધરપકડ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

વડોદરા તાલુકાના રણોલી ગામે મધરાત્રી દરમિયાન ફરજ બજાવતા પોલીસકર્મી પર હુમલો કરવામાં આવ્યો છે. આરોપીઓએ સરકારી મોબાઈલ ફોન તોડી અને પોલીસ કોન્સ્ટેબલ તથા ડ્રાઈવર સાથે મારપીટ કરી ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઉસકે રહેલા બંને માથાભારે સક્સોએ પોલીસ કોન્સ્ટેબલના માથામાં કડાથી હુમલો કરતા ત્રણ ટાંકા આવ્યા હતા. પોલીસ કોન્સ્ટેબલે બંને હુમલાખોર માથાભારે સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે એકની ધરપકાર કરી છે જ્યારે વોન્ટેડ જાહેર કર્યો છે. જવાહરનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલએ વિગતો આપતાં જણાવ્યું હતું કે 27 એપ્રિલના રોજ રાત્રે અંદાજે ૧:૫૫ વાગ્યે સોલંકી ફળીયું, રણોલી ગામ ખાતે આરોપી દેવરાજ મહેશભાઈ બારોટ અને અજય મસ્કેએ ભેગા મળી ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી. આ દરમિયાન આઉટસોર્સ ડ્રાઈવર રઘુવીરસિંહ રાજેશભાઈ સરકારી મોબાઈલમાં વીડિયો ઉતારી રહ્યા હતા ત્યારે તેમને ધક્કો મારી ફોન નીચે પાડ્યો અને પગથી લાતો મારીને ફોનને નુકસાન પહોંચાડ્યું હતું. બંને પોલીસ કોન્સકોન્સ્ટેબલ આઉટસોર્સના ડ્રાઈવરને ગંદી ગાળો આપી ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. જેમાં દેવરાજ બારોટે હાથમાં પહેરેલા કડાથી પોલીસ કોન્સ્ટેબલના માથા પર હુમલો કરતાં તેમને ઈજા પહોંચી હતી જેથી તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જતા ત્રણ ટાંકા આવ્યા હતા. ઉપરાંત બંને માથાભારે શખ્સોએ જ ફરી અહીં આવશો તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. બાદમાં લગ્ન પ્રસંગની ભીડનો લાભ લઈ બંને હુમલાખોર આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. પોલીસ કોન્સ્ટેબલે બંને માથાભારે હુમલાખોળ તત્વો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બીએનએસની વિવિધ કલમો તેમજ પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.

## બાંદ્રા ટર્મિનસ અને અજમેર વચ્ચે સ્પેશિયલ ટ્રેનનો સમય લંબાવ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

ઉનાળા વેકેશનગાળા દરમિયાન મુસાફરોનો ધસારો વધુ રહેતો હોય છે. જેથી દર વર્ષે રેલવે વિભાગ દ્વારા વધારાની ટ્રેનો શરૂ કરવામાં આવતી હોય છે. ત્યારે, આ વખતે પણ પશ્ચિમ રેલવે દ્વારા બાંદ્રા ટર્મિનસ અને અજમેર વચ્ચે સ્પેશિયલ ટ્રેનનો સમય લંબાવ્યો છે. પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા અને વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને બાંદ્રા ટર્મિનસ અને અજમેર વચ્ચે સ્પેશિયલ ટ્રેનનો સમય લંબાવ્યો છે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી દ્વારા જણાવ્યા અનુસાર, ટ્રેન નં. 09622 બાંદ્રા ટર્મિનસ-અજમેર સાપ્તાહિક સ્પેશિયલ 4 મે થી 1 જૂન સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. 09621 અજમેર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ 3 મે થી 31 મે સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. 09622 ના વિસ્તૃત રન માટે બુકિંગ 28 એપ્રિલથી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે.

### આ ઘટનાને લઈને આસપાસના રહીશોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો

# નવાયાર્ડની નેશનલ કેમિકલ કંપનીમાં ભીષણ આગ : કોઈ જાનહાનિ નહી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં આવેલી નેશનલ કેમિકલ કંપનીમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતા જ વડી વાડી છાણી ટીપી 13 ફાયર સ્ટેશનના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને કલાકોની જેહમત બાદ આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. વડોદરા શહેરમાં ગરમીનો પારો 43 ડિગ્રીએ પહોંચ્યો છે. ગરમીના સતત વધી રહેલા તાપમાનની સાથે સાથે ઠેર ઠેર આગ લાગવાના બનાવવામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ત્યારે મધરાત્રીએ શહેરના નવા યાર્ડ વિસ્તારમાં નેશનલ કેમિકલ નામની કંપનીમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. જોત જોતામાં આગે



વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા. આગની આ ઘટનાને લઈને આસપાસના રહીશોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. સ્થાનિકો દ્વારા બનાવ અંગેની જાણ ફાયર એન્ડ ઈમર્જન્સી કંટ્રોલરૂમમાં કરવામાં આવતા તાત્કાલિક છાણી ટીપી 13 અને વડીવાડી ફાયર સ્ટેશનના જવાનો સ્થળ પર આવી પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આ ઘટનાને લઈને સ્થાનિક રહીશોમાં પણ રોષ જોવા મળ્યો હતો. થોડા વર્ષો પહેલા પણ અહીંયા આગ લાગી હતી. આસપાસ રહેણાંક વિસ્તાર હોવાથી આ કંપનીઓમાં ઘણી વખત આગની ઘટના બનતી હોય લોકોમાં પણ નારાજગી જોવા મળી હતી. બે ફાયર સ્ટેશનના જવાનોએ કલાકોની જહેમત બાદ સતત પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે કંપનીમાં કોઈ હાજર નહીં હોવાથી જાનહાનિ થતા ટળી હતી.

### વેગનમાં ધુમાડો જોઈને ટ્રેન મેનેજરને જાણ કરતા દુર્ઘટના ટાળી

# પોઈન્ટ્સ મેન વિક્રમ જનરલ મેનેજર દ્વારા સંરક્ષા પુરસ્કારથી સન્માનિત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

રેલવેના સંચાલનમાં સંરક્ષા સર્વોપરિ હોય છે અને એ સુનિશ્ચિત કરવા માટે દરેક કર્મચારીની સજાગતા અને સતર્કતા અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાણ્ડેયએ વડોદરાના મંડળના રેલવે કર્મચારીને તેમના ઉત્કૃષ્ટ કામ માટે સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. આ પુરસ્કાર ફેબ્રુઆરી 2026 દરમિયાન ડ્યૂટી પર રહેતાં સતર્કતા બતાવવા અને સંભવિત દુર્ઘટનાઓને સમયસર ટાળવામાં મહત્વની ભૂમિકા ભજવવા માટે આપવામાં આવ્યા.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ પ્રમાણે પુરસ્કાર મેળવનાર કર્મચારી વિક્રમ બી પટેલિયા - પશ્ચિમ રેલવેના વડોદરા મંડળા ખરસાલિયામાં પોઈન્ટમેન ના પદ પર કાર્યરત છે. તારીખ 11.02.2026 ના રોજ ખરસાલિયા યાર્ડમા એક ગુડ્ઝ ટ્રેન વેગનોની સાથે ખરસાલિયા સ્ટેશનથી પસાર થઈ રહી હતી. "ઑલ રાઈટ" સિગ્નલની આપ-લે કરતી વખતે ઑફ-સાઈડ પૉઈન્ટ્સમેન વિક્રમ બી પટેલિયાને એક વેગનમાં ગાઢ ધુમાડો નિકળતો જોયો. તેમણે તત્પરતા બતાવતાં તરત જ ટ્રેન મેનેજરને લાલ હેન્ડ સિગ્નલ પ્રદર્શિત કર્યો. ટ્રેન મેનેજરે વીએચએફ મારફતે લોકો પાયલોટને જાણ કરી તથા ગાર્ડે ઈમરજન્સી વાલ્વ મારફતે ક્રમિક રૂપે બ્રેક પાઈપ પ્રેશર ઘટાડવાનું આરંભ કર્યું. ટ્રેનને સ્ટાર્ટર સિગ્નલ પસાર કરાવ્યા પછી સુરક્ષિત રૂપે રોકવામાં આવી. નિરીક્ષણ દરમિયાન ટ્રેન મેનેજર અને સહાયક લોકો પાયલોટે જોયું કે 14 મા વેગનનું બ્રેક પિસ્ટન એપ્લાઈડ પોઝીશનમાં હતું તથા બ્રેક બ્લૉક અત્યંત જામ હતા. જોકે વેગનમાં POL (Petroleum Oil Lubricants) લોડ થયેલું હતુ. છેવટે આ સ્થિતિ અત્યંત ગંભીર સુરક્ષા જોખમ ઉતપન્ન કરી શકતી હતી.

### શહેરના ફતેપુરા કુંભારવાડામાં ખૂની ખેલ ખેલાયો

# પત્નીએ પતિની ત્રિકમના ત્રણ ઘા મારી કરપીણ હત્યા કરતાં ચકચાર

**પોલીસે** આરોપી પત્નીનીની ધરપકડ કરી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

વડોદરા શહેરના ફતેપુરા કુંભારવાડા વિસ્તારમાં પતિ-પત્ની વચ્ચેના ઘરેલુ ઝઘડાએ ભયાનક રૂપ ધારણ કરતાં ઉસકેરાયેલી પત્નીએ પતિની ત્રિકમના ઘા મારીને હત્યા કરી નાખતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઘટના બાદ આરોપી પત્નીએ મૃતદેહ પાસે આક્રંદ કરતા "ભૂલથી હત્યા થઈ ગઈ" હોવાનું રટણ શરૂ કર્યું હતું. પોલીસે સ્થળ પર પહોંચી આરોપી પત્નીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ફતેપુરા કુંભારવાડા વિસ્તારમાં ખારી તલાવડી પાસે રહેતા અમિત નાનજીભાઈ દૈવીપૂજક પોતાની પત્ની મંજુ અને



બે દીકરીઓ સાથે રહેતા હતા. દંપતિ વચ્ચે વારંવાર ઘરકંકાસ થતો હતો.

આજે સોમવારે બપોરે પત્નીએ બનાવેલા જમવાનું પતિએ નકારતા બંને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. આ દરમિયાન પતિએ પત્નીને માથાના ભાગે મુક્કો માર્યો હતો, જેના કારણે ઉશ્કેરાયેલી પત્નીએ નજીકમાં પડેલું ત્રિકમ લઈ પતિના પેટ, છાતી અને ગળાના ભાગે ત્રણ ઘા મારી દીધા હતા. ઘાતક ઈજાઓને કારણે પતિનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. હત્યાની જાણ થતાં કુંભારવાડા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.જે. પાંડવ તથા એસીપી જી.બી. બાભણીયા તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. એફએસએલની ટીમે સ્થળ પરથી પુરાવા એકત્ર કરી હત્યામાં વપરાયેલ ત્રિકમ અને મૃતકના કપડાં કબ્જે કર્યા હતા.

પોલીસે આરોપી મંજુની ધરપકડ કરી તેની પૂછપરછ શરૂ કરી છે. મૃતક દંપતિને બે દીકરીઓ છે. પિતાના મોત અને માતાની ધરપકડને કારણે બંને દીકરીઓ નિરાધાર બની ગઈ છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખાતે મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ફસાતા ભારે જહેમત બાદ નીકળ્યું

# ગેંડા સર્કલ નજીક અટલ બ્રિજ નીચે કોંક્રીટ મિક્સર મશીન ફસાયુ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

ગેંડા સર્કલ નજીક સારાભાઈ વિસ્તાર પાસે આ ઘટના બની હતી. જ્યાં વાહનનો ઉપરનો ભાગ બ્રિજની નીચલી છતને અડી ગયો હતો. ફસાયેલા વાહનને બહાર કાઢવા ચાલકે પહેલા અનેક મથામણો કરી હતી. પરંતુ વાહન બ્રિજની ઊંચાઈને કારણે ફસાઈ ગયું. અંતે, ટાયરમાંથી હવા કાઢીને વાહનની ઊંચાઈ ઘટાડી અને ભારે જહેમતથી તેને બહાર કાઢવામાં આવ્યું હતું. આ પ્રક્રિયામાં લગભગ બે કલાકથી વધુ સમય લાગ્યો હતો. અગાઉ શહેરમાં અટલ બ્રિજ, ફ્લાયઓવર અને ગરનાળા જેવા સ્થળોએ મોટા વાહનો ફસાવાના કિસ્સા વારંવાર સામે આવી રહ્યા છે. સ્થાનિકોએ જણાવ્યું કે, આવા વાહનોને કારણે રસ્તા પર ટ્રાફિકજામ થઈ જાય છે. પાલિકા અને પોલીસ વિભાગે ભારદારી વાહનો માટે વિશેષ રૂટ અને સમયની મર્યાદા નક્કી કરી છે, પરંતુ તેનું પાલન થતું નથી.

### પરિવારમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું : વિસ્તારમાં ટોક ઓફ ધ ટાઉન કિસ્સો

# કાનપુરથી વડોદરા પરત ફરી રહેલો મકરપુરાનો યુવાન રહસ્યમય રીતે ગુમ

**મકરપુરાના** પટેલ પરિવારનો લાડકવાયો કાનપુરથી પરત ફરતા રહસ્યમય સંજોગોમાં ગાયબ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

વડોદરાના મકરપુરા વિસ્તારના એક પરિવાર માટે ચિંતાના સમાચાર સામે આવ્યા છે. મકરપુરામાં રહેતો રવિ પટેલ નામનો યુવક કાનપુરથી પરત ફરતી વખતે રહસ્યમય સંજોગોમાં ગુમ થતા પરિવારજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. મળતી વિગતો અનુસાર, વડોદરાના મકરપુરા વિસ્તારમાં રહેતો રવિ પટેલ કોઈ કામ અર્થે ઉત્તર પ્રદેશના કાનપુર ખાતે ગયો હતો. કાનપુરથી કામ પતાવીને તે વડોદરા આવવા માટે રવાના થયો હતો, પરંતુ નિર્ધારિત સમય વીતી જવા છતાં તે ઘરે ન પહોંચતા પરિવારજનોએ તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, રવિનો મોબાઈલ ફોન સતત બંધ આવતા પરિવારની ચિંતામાં વધારો થયો હતો. પરિવારજનો જ્યારે રવિની શોધખોળ કરી રહ્યા હતા, ત્યારે આ કેસમાં એક નવો વળાંક આવ્યો છે. રવિનો મોબાઈલ ફોન છેલ્લે રાજસ્થાનના કોઈ વિસ્તારમાં હોવાનું ટ્રેસ થયું હતું અથવા ત્યાંથી મળી આવ્યો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. વડોદરાથી નીકળેલો યુવક કાનપુર ગયો અને ત્યાંથી પરત ફરતી વખતે તેનો ફોન રાજસ્થાનમાં મળી આવતા અનેક સવાલો ઉભા થયા છે. રવિ સાથે કોઈ અઘટિત ઘટના બની છે કે કેમ, તેને લઈને પરિવાર હાલ અત્યંત ચિંતિત છે.

આ સમગ્ર મામલે રવિના પરિવારજનોએ સ્થાનિક પોલીસનો સંપર્ક સાધ્યો છે અને યુવકની ભાળ મેળવવા માટે વિનંતી કરી છે. રાજસ્થાન પોલીસ સાથે પણ સંકલન સાધીને તપાસ તેજ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. હાલમાં પરિવારના સભ્યો અને મિત્રો સોશિયલ મીડિયાના માધ્યમથી પણ રવિની તસવીર શેર કરીને તેને શોધવા માટે લોકોની મદદ માંગી રહ્યા છે. વડોદરાના મકરપુરા વિસ્તારમાં આ ઘટનાને પગલે ભારે ચર્ચા જાગી છે અને સૌ કોઈ રવિ હેમખેમ મળી આવે તેવી પ્રાર્થના કરી રહ્યા છે.

**સુવિધા** સયાજીબાગ ઝૂમાં 'સમર પ્લાન' અમલી, કાળઝાળ ગરમીમાં વન્યજીવોને ઠંડક આપવા યુદ્ધના ધોરણે વ્યવસ્થા

# વાઘ માટે બરફની લાદીઓ,પક્ષીઓ માટે 'ફોગર્સ' સિસ્ટમ કાર્યરત

**પ્રાણીઓના ડાયટમાં** તરબૂચ-શક્કરટેટીનો ઉમેરો અને પીવાના પાણીમાં ઈલેક્ટ્રોલાઈટ્સ અપાયા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

ગુજરાતમાં ઉનાળાની શરૂઆતે જ સૂર્યદેવે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, જેમાં વડોદરા શહેર અત્યારે ગરમીનું હબ બન્યું છે. શહેરમાં તાપમાનનો પારો 43 ડિગ્રીને પાર પહોંચતા જનજીવન પ્રભાવિત થયું છે, ત્યારે મૂંગા પશુ-પંખીઓની હાલત પણ કફોડી બની છે. વડોદરાના ઐતિહાસિક સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયમાં વન્યજીવોને આ કાળઝાળ ગરમી અને હીટવેવની અસરમાંથી બચાવવા માટે વડોદરા મહાનગરપાલિકાના ઝૂ વહીવટી તંત્ર દ્વારા ખાસ 'સમર પ્લાન' અમલી બનાવવામાં આવ્યો છે. વડોદરા મહાનગરપાલિકા સંચાલિત આ પ્રાણી સંગ્રહાલયમાં સફેદ વાઘ, રોયલ બેંગોલ ટાઈગર, સિંહ અને રીંછ જેવા પ્રાણીઓ વસવાટ કરે છે. આ વન્યજીવો માટે ગરમી જીવલેણ સાબિત ન થાય તે હેતુથી ઝૂ ક્યુરેટરની સીધી



દેખરેખ હેઠળ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. હિંસક પ્રાણીઓના પાંજરામાં બરફની મોટી લાદીઓ મૂકવામાં આવી છે, જેના પર બેસીને આ પ્રાણીઓ ઠંડકનો અહેસાસ કરી રહ્યા છે. આ ઉપરાંત, પક્ષીઓના પાંજરામાં ખાસ 'ફોગર્સ' (પાણીના બારીક ફુવારા) લગાડવામાં આવ્યા છે, જે ગરમ હવાને તાત્કાલિક ઠંડી કરી દે છે. કેટલાક સંવેદનશીલ પાંજરાઓમાં એર કૂલરની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે. ગરમીના કારણે વન્યજીવોના શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે અને ડિહાઈડ્રેશન ન થાય તે માટે તેમના ડાયટમાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે.

રીંછ અને વાંદરાઓને ઠંડક આપવા માટે ખાસ તરબૂચ, શક્કરટેટી અને કાકડી જેવા જળયુક્ત ફળો પુષ્કળ પ્રમાણમાં આપવામાં આવી રહ્યા છે. પ્રાણીઓના પીવાના પાણીમાં ઈલેક્ટ્રોલાઈટ્સ, ગ્લુકોઝ અને વિટામિન-સી ભેળવવામાં આવે છે, જેથી 'હીટ સ્ટ્રેસ' ઘટાડી શકાય. હિંસક પ્રાણીઓને અપાતા માસના જથ્થામાં પણ આંશિક ઘટાડો કરી પચવામાં હળવો ખોરાક આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ઝૂ ક્યુરેટર પ્રત્યુષ પાટણકરે આ વ્યવસ્થાઓ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, "હીટવેવની આગાહીને પગલે તંત્ર સંપૂર્ણ સજ્જ છે. પાંજરાની ઉપર નાળિયેરીના ત્રાલસા સૂકા પાન અને ગ્રીન નેટ બાંધીને તેના પર સતત પાણીનો છંટકાવ કરવામાં આવે છે, જે કુદરતી એસી (AC) જેવું વાતાવરણ ઊભું કરે છે.


સવાર-સાંજ બે સમય પાંજરામાં પાણીનો છંટકાવ કરી તાપમાન નિયંત્રિત રાખવામાં આવે છે. માત્ર પ્રાણીઓ જ નહીં, પણ મુલાકાતીઓ માટે પણ પાથવે પર ઠંડકની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે."

### બે શખ્સો પોલીસને જોઈ ફરાર

# ગોત્રીમાં ચૂંટણીના દિવસે જ મોપેડમાંથી દારૂ ઝડપાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.27

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન પોલીસ પેટ્રોલિંગમાં મોટી કાર્યવાહી સામે આવી છે. શંકાસ્પદ હાલતમાં મુકાયેલા મોપેડની તપાસ કરતાં તેમાથી વિદેશી દારૂનો જથ્થો મળી આવતા મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓ સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. ગોત્રી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ચૂંટણીને પગલે વિસ્તારમાં તા. 26 એપ્રિલના રોજ પેટ્રોલિંગ કરી રહ્યા હતા. સવારે અંદાજે 11 વાગ્યાના સમયે પોલીસ ટીમ ગોત્રી પોલીસ સ્ટેશનથી નીલમ્બર સર્કલ તરફ જઈ રહી હતી ત્યારે વ્રજ વેણુ હોસ્પિટલ નજીક શંકાસ્પદ હાલતમાં ઉભેલી મોપેડ નજરે પડી હતી. પોલીસને નજીક આવતાં જ બે અજાણ્યા શખ્સો સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા.



પોલીસે મોપેડની તપાસ કરતાં તેની ડીક્કીમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ સાથે મોપેડ સહિત રૂ.71 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઈ-ચાલાન એપ્લિકેશન મારફતે તપાસ કરતાં વાહનનો માલિક કિશન બબલુકુમાર શાહ હોવાનું બહાર આવ્યું હતું. સમગ્ર મામલે ટીકુ બબલુકુમાર શાહ અને કિશન બબલુકુમાર શાહ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો દોર વધુ તેજ કર્યો છે.